# હવે, શંકરસિંહ વાઘેલા રાજ્યપાલ બનશે...?

**રાજકીય વર્તુળોમાં ચર્ચાએ જોર પકડ્યુ મહારાષ્ટ્ર કે તામિલનાડુમાં રાજ્યપાલ પદે મુકાશે**



ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતમાંથી હવે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને રાજ્યપાલ પદે મુકવાની હિલચાલને પગલે રાજ્યના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

૧૯૯૫ પહેલાંના ખાસ મિત્રો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા રાજ્યસભાની ચૂંટણી વખતની એકબીજાની નજીક જઈ રહ્યા છે અને રાજ્ય મંત્રીમંડળની શપથવિધિ વખતે તેઓ વધુ નજીક પહોંચ્યા છે.

રાજકીય વર્તુળોમાં ચાલતી વાતો મુજબ પૂર્વ નાણાંમંત્રી વજુભાઈ વાળા પછી પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને મધ્યપ્રદેશના ગવર્નર બનાવ્યા પછી હવે બાપુને પણ રાજ્યપાલ પદની ઓફર કરવામાં આવી છે.

આ વર્તુળોમાં એવી ચર્ચા પણ ચાલી રહી છે કે આ ઓફર પૂર્વે વડાપ્રધાન મોદી અને શંકરસિંહ વાઘેલા વચ્ચે વાતચીતો પણ થઈ છે. આ મુલાકાત દરમ્યાન વાઘેલાને મહારાષ્ટ્રના રાજ્યપાલ પદની વાત કરાઈ હતી પરંતુ બાપુ તામિલનાડુ કે દક્ષિણના અન્ય રાજ્યમાં જવા ઈચ્છી રહ્યા છે.

હવે ટૂંકમાં જ કેન્દ્ર સરકાર તરફથી આ અંગેની નિયુક્તીના હુકમો થશે તેવા સંકેતો પણ મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી જાહેર

**બનાસકાંઠા, ખેડા જિલ્લા પંચાયતની પણ ચૂંટણી : તાલુકા પંચાયતમાં ૩૬ બેઠક, ૩૦૧ મતદાન મથકો, બે ચૂંટણી અધિકારી ફરજ બજાવશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકા પંચાયત સહિત ૧૭ તા.પં. અને બનાસકાંઠા-ખેડા જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજવાની આજે રાજ્ય ચૂંટણી કમિશ્નર ડૉ. વરેશ સિંહાએ જાહેરાત કરી છે.

આ જાહેરાત મુજબ ૩જી ફેબ્રુઆરીએ આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે. જે ૮મી ફેબ્રુઆરી સુધી ભરી શકાશે. ૯મી ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે જ્યારે ૧૦મી ફેબ્રુઆરી સુધીમાં ઉમેદવારી પત્ર પાછા ખેંચી શકાશે.

આ ચૂંટણીમાં મતદાન ૨૧મી ફેબ્રુઆરીએ થશે. મતદાન પુનઃ કરાવવાની ફરજ ઉભી થશે તો તે ૨૨મી ફેબ્રુઆરીએ થશે અને ૨૩મી ફેબ્રુઆરીએ મતગણતરી જે તે જિલ્લા મથકે હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર તાલુકા પંચાયત માટે બે ચૂંટણી અધિકારી અને બે મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તી કરવામાં આવી છે. ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠક છે અને આ ચૂંટણી માટે ૩૦૧ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકા પંચાયત માટે કુલ ૨,૬૦,૭૧૪ મતદારો નોંધાયેલા છે. જેમાં ૧,૩૩,૪૦૦ પુરૂષ મતદારો અને ૧,૨૭,૩૧૪ મહિલા મતદારો છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય ચૂંટણી પંચે નગરપાલિકાઓની ચૂંટણીઓ માટે ૧૪ સનદી અધિકારીઓ સહિત ૩૮ જેટલા સીનીયર એડીશનલ કલેક્ટરોને નિરીક્ષકો તરીકે નિમ્યા છે. આમાં ગાંધીનગરની માણસા નગરપાલિકા માટે કોઈ નિરીક્ષકની નિમણુંક કરવામાં આવી નથી જે નોંધનીય છે.

ગાંધીનગર તાલુકા પંચાયત એ જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયત છે. આ તાલુકા પંચાયતની સીટો કરતાં જિલ્લા પંચાયતની બેઠકો પણ ઓછી છે. આ ચૂંટણી માટે બન્ને પક્ષોએ તેમની કામગીરીને વેગીલી બનાવી દીધી છે. હાલ ભાજપ પાસે આ તાલુકા પંચાયત છે. નવા સીમાંકન પછી પહેલીવાર તાલુકા પંચાયતની આ ચૂંટણીએ રાજકીય ગરમાવો લાવી દીધો છે.

## ગુજરાતમાં પદ્માવતના રિલીઝ માટે હાઈકોર્ટમાં રિટ કરાઈ

અમદાવાદ,તા. ૩૧

પદ્માવત ફિલ્મના ભારે વિરોધ અને દેશભરમાં મચેલા ઉહાપોહ બાદ હવે ગુજરાતમાં વિધિવત્ રીતે આ ફિલ્મ ગુજરાત રાજયમાં રિલીઝ કરાવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ થઈ છે. ફિલ્મ રિલીઝના તમામ હક્કો ધરાવતી વાયકોમ કંપની દ્વારા આ રિટ અરજીની અરજન્ટ સુનાવણી હાથ ધરવા હાઈકોર્ટને વિનંતી કરાઈ હતી, જે ગ્રાહ્ય રખાતાં આ કેસની સુનાવણી હવે આવતીકાલે હાથ ધરાય તેવી શકયતા છે.



સે. ૨૮ બાલોદ્યાનમાં ભુલકાઓના આકર્ષણના કેન્દ્રમાં રહેતી મીની ટ્રેઈનનું હજુ ઠેકાણુ પડ્યુ નથી. વારંવાર ટ્રેક પરથી નીચે ઉતરી પડતી દાયકાઓ સુધી ટ્રેનને પાટે ચઢાવવા અનેક પ્રયાસોના અંતે સફળતા ન મળતા આખરે લાખોના ખર્ચે નવી ટ્રેન બગીચાની શોભા બની છે. પરંતુ આજે ચાલુ અને કાલે બંધ... એમ રોજબરોજ આ ટ્રેન ખોરવાય છે. ટ્રેનની ખરીદી પાછળ ખર્ચાયેલા પૈસા પાણીમાં જતા હોવાની સાથે તંત્રના ભ્રષ્ટ વહીવટ સામે મુલાકાતીઓ રોષ ઠાલવી રહ્યા છે.

# સે-૨૮ની લગ્નવાડી ૫૫ લાખના ખર્ચે રિનોવેટ કરાશે

**સે-૨૩ લગ્નવાડીના નવિનીકરણ માટે પણ યોજના તૈયાર થઇ રહી છે : ૧૦ કરોડના ખર્ચે નવી વાડી તૈયાર કરવા માટે વિચારણા**

ગાંધીનગર તા ૩૧

શહેરમાં સે-૨૩ અને સે-૨૮ ની લગ્નવાડીનો નવા રૂપરંગ આપવા માટે તંત્ર દ્વારા નવતર આયોજન કરવામાં આવી રહયુ છે. જેમાં સે-૨૩ લગ્નવાડીને નવેસરથી તૈયાર કરવા માટે યોજના તૈયાર થઈ રહી છે. જયારે સે-૨૮ લગ્નવાડીના રીનોવેશનનુ કામ ટુંકમાં હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ ૫૫ લાખનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગરમાં લગ્નવાડીઓ ખંડેર હાલતમાં જોવા મળી રહી છે. જેના લીધે નગરજનોએ લગ્ન પ્રસંગે વાડીના સ્થાને લાખોના ભાડા ચુકવી પાર્ટી પ્લોટનો સહારો લેવો પડે છે. જયારે નગરના ઉદ્યાનોમાં પણ લગ્ન મહોત્સવનુ આયોજન થતા હરિયાળીને નુકશાન થતુ હોવાનો આક્રોસ પણ પ્રકૃતિ પ્રેમીઓમાં પ્રબળ બની રહયો છે. આવા સંજોગોમાં શહેરની સૌથી જુની લગ્નવાડી પણ સુવિધા અને જાળવણીના અભાવ વચ્ચે ખંડેર હાલતમાં જોવા મળી રહી છે. સે-૨૩ ની આ લગ્નવાડી અંદાજિત ત્રણ દાયકાથી વધુ સમયથી અસ્તિત્વ ધરાવે છે. જયારે આ લગ્નવાડીમાં અત્યારસુધી અનેકવિધ લગ્ન પ્રસંગો યોજાયા છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી વાડીની હાલત કંગાળ બનતા લગ્નસમારંભોના આયોજકોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે. ત્યારે નગરની સૌથી જુની લગ્નવાડીનુ નવિનીકરણ કરવાની સરકાર કક્ષાએ વિચારણા હાથ ધરવામાં આવી છે. આ લગ્નવાડીને નવેસથી તૈયાર કરવા પાછળ રૂ ૧૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જો કે હજુ ખર્ચને મંજુરી આપવામાં આવી નથી. બીજીતરફ સે-૨૮ ની લગ્નવાડીનુ રીનોવેશન કરવા માટે પણ કામગીરી હાથ ધરાશે. જેમાં આ લગ્નવાડીના રીનોવેશન પાછળ રૂ ૫૫ લાખનો

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઓમાં કોઈ પબ્લીક કાઉન્ટર જ નથી : અરજદારો પરેશાન

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં હાલ આર ટી ઓ કચેરીમાં લાઈસન્સ ,આર સી બુક તેમજ હાઈસિક્યુરીટી નંબર પ્લેટનુ કામ કરવાનુ અરજદારો માટે મુશ્કેલ બન્યુ છે. પેપરલેસ અને હાઈટેક આર ટી ઓ કચેરીની સુફિયાણી વાતો વચ્ચે આમ નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. ઓનલાઈન પ્રક્રીયા માટે આર ટી ઓ કચેરીમાં અરજદારોની મદદ માટે કોઈ કાઉન્ટર પણ નથી જેના લીધે મુંઝવણમાં મુકાતા અરજદારોએ એજન્ટોને પૈસા ચુકવી કામ નિપટાવવુ પડે છે. હાઈસિકયુરીટી નંબર પ્લેટના ફોર્મ માટે પણ ૧૦ રૂપિયા ચુકવવા પડે છે.

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી અવારનવાર વિવાદોથી ઘેરાયેલી રહે છે. જયારે આર ટી ઓ કચેરીના પેપરલેસ વહીવટની વાતો વચ્ચે અરજદારોએ રોજબરોજ ધક્કે ચઢવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થાય છે. જયારે મેન પાવરના અભાવ વચ્ચે આમ નાગરિકોના કામો પણ અટવાય છે. બીજીતરફ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફરજિયાત હોવાથી નિયત સમયગાળામાં નંબર પ્લેટ ફીટ કરાવવા તેમજ

● અનુસંધાન પાન-૭ પર



મંદિરો સૂમસામ - ચંદ્રગ્રહણને પગલે બુધવારે બપોરે બે વાગ્યા બાદ દેશભરના હિંદુ મંદિરો દર્શન માટે બંધ કરાયા હતા... ગાંધીનગરના ગ્રામદેવતા સમા પંચદેવ મંદિરમાં પણ બપોર બાદ દર્શન બંધ કરાતા સમગ્ર મંદિર સંકુલ સૂમસામ વર્તાતુ હતું.... સવારે પાંચથી રાત્રે દસ વાગ્યા સુધી ભાવિકોની અવરજવરથી ધમધતું મંદિર સંકુલ સૂમસામ રહ્યું હતું...

# જિલ્લામાં ફેમીલી હેલ્થ સર્વેનો આરંભ

**ફેમિલી હેલ્થ સર્વેમાં મોબાઈલ, આધારકાર્ડ બેંક ખાતા સહિતની વિગતો સમાવી લેવામાં આવી :હેલ્થ સર્વેમાં શૌચાલયની સુવિધા અને તેના ઉપયોગની વાત પણ વણી લેવાઈ છે : ૧૫મી માર્ચ સુધી સર્વે ચાલશે : લાંબુ સર્વે ફોર્મ હોવાથી એક ફોર્મ ભરતાં ૪૫ મિનિટ જેટલો સમય લાગે છે**

ગાંધીનગર, તા. ૩૧

આરોગ્યતંત્ર દ્વારા હાથ ધરાયેલ ફેમીલી હેલ્થ સર્વેમાં સ્વચ્છતા સર્વેક્ષણ સહિતની કેટલીક કુટુંબની મહત્વની વિગતો પણ એકત્ર કરવામાં આવશે. આજે જિલ્લામાં આ ફેમીલી હેલ્થ સર્વેનો પ્રારંભ સોજા ખાતે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈની ઉપસ્થિતિમાં થયો હતો.

તંત્ર દ્વારા આ હેલ્થ સર્વે માટે બે પાનાનું એક ખાસ ફોર્મેટ રાજ્યકક્ષાએથી તૈયાર થઈને આવ્યુ છે. એક વ્યક્તીને એક પરિવારનું સર્વેની વિગતો એકત્ર કરી તેમાં ભરવા માટે ઓછામાં ઓછી ૪૦ થી ૫૦ મિનિટ જાય તેટલી વિસ્તૃત માહિતીઓ માંગવામાં આવી છે.

આ ફોર્મમાં મોબાઈલ નંબર, આધાર કાર્ડ નંબર, બેંક ખાતાનો નંબર, બેંકનું નામ, ઘરમાં શૌચાલય છે કે કેમ અને છે તો તેનો ઉપયોગ કરાય છે કે કેમ તે સહિતની વિગતો માંગવામાં આવી છે.

આ ઉપરાંત મા વાત્સલ્ય કાર્ડ ધરાવો છો ? જો હા તો તેનો ઉપયોગ કર્યો છે ? બી.પી.એલ. પરિવારમાં પરિવારનો સમાવેશ છે કે કેમ ? તેવી વિગતો પણ માંગવામાં આવી છે. આ સર્વેમાં આરોગ્ય વિષયક વિગતો ઉપરાંત આવી મહત્વની વિગતો પણ સમાવી લેવામાં આવી છે.

૧૫મી માર્ચ સુધી આ સર્વે ચાલનાર છે અને જિલ્લાના ૩ લાખથી વધુ ઘરોમાં ફરી આ સર્વે સંપન્ન કરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ હેલ્થ સર્વે આમ તો સામાન્યતઃ દર વર્ષે થતો હોય છે પરંતુ આ વખતે વિશેષ વિગતો સાથેનો આ સર્વે હોવાથી કઈ યોજનાના કેટલા લાભાર્થી ? તેમને મળેલ લાભ પણ સીધો બેંકના ખાતામાં જમા કરાવવા સહિત ડીજીટલ ગવર્મેન્ટનો અહેવાલ લોકોને થશે. ફોર્મ થોડુક લાંબુ જરૂર થયુ છે પણ અત્યંત રસપ્રદ આ સર્વે બનશે. આના આધારે કયા પંથકમાં કેવા પ્રકારના રોગોનું પ્રમાણ જોવા મળી રહ્યુ છે તેનુ સાચુ ચિત્ર મળશે તેમજ આરોગ્ય નીતિ તૈયાર કરવામાં પણ સરળતા રહેશે.

મળતી વિગતો પ્રમાણે સરકારને આ ફોર્મ લાંબુ લચક હોવાથી કદાચ સર્વેની સમયમર્યાદા વધારવી પડે તેવી સ્થિતિ પણ નિર્માણ થઈ શકે છે.

**શહેરી વિસ્તારના ગામોમાં**

# ૪ કરોડના ખર્ચે પાણીની નવી પાઈપલાઈન નંખાશે

**હાલ બજારમાં ઉપલબ્ધ નથી તેવી ૮૦ એમ એમ ની લાઇનથી પાણી સપ્લાય થાય છે..!! હવે ૧૫૦ એમ એમ ની લાઇન નાંખવામાં આવશે**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા તંત્ર દ્વારા અગાઉ નવા બારે બનાવવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે નવા બોર બનાવવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે બોરનુ પાણી ગામના દરેક વાસમાં સરખી રીતે ફોર્સથી સપ્લાય કરવા માટે ટુંકમાં પાણીની નવી લાઈન નાંખવા માટે પણ કામ હાથ ધરાશે. આ કામગીરીને અનુલક્ષી રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ દાયકાઓ જુની ૮૦ એમ એમ ના ડાયામીટરની લાઈન છે જયારે આ લાઈન હાલ બજારમાં પણ ઉપલબ્ધ નથી. આવા સંજોગોમાં શેહરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા પાછળ સાંકડી પાઈપલાઈન પણ જવાબદાર છે. આ લાઈન બદલી ૧૫૦ એમ એમની નવી લાઈન નાંખવામાં આવશે.

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાઓનો અભાવ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે શહેરી વિસ્તારના બોરીજ, પાલજ ,બાસણ , ઈન્દ્રોડા , ધોળાકુવા સહીતના ગામોમાં પાણીની સમસ્યાને હલ કરવા માટે તંત્ર દ્વારા નવા બોર બનાવાયા છે. પરંતુ હજુ સુધી આ પૈકી બે ઠેકાણે સબસ્ટેશનની કામગીરી બાકી હોવાના લીધે બંધ હોવાનુ પણ ધ્યાને

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
'રાજધાનીનાં રતન'
'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.
નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :
ડૉ. ચેતના અ. બુચ, પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા., સેકટર-૨૦, ગાંધીનગર મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮
શ્રી હરેશ કે. ઠાકર, પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ, જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭, ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯
મનોજ શુકલ, મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા
સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com